પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૫ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૧, બુધવાર; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦





સંવેદના સાંભળતા મુખ્યમંત્રી - સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત-પૂરગ્રસ્ત થયેલા જામનગર જિલ્લાના પ્રભાવિત વિસ્તારોની મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લઈને અસરગ્રસ્તોને મદદરૂપ થવા સંવાદ કરી અસરગ્રસ્તોના આંગણે જઈને સમગ્ર સરકાર આપની સાથે છે તેવી હૈયાધારણા આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જામનગર જિલ્લાના અસરગ્રસ્ત થયેલા ધુંવાવ ગામ, મહાપ્રભુજી બેઠક વિસ્તાર તથા લાલપુર રોડ પરના આશીર્વાદ સોસાયટી વિસ્તારની મુલાકાત લઈ અસરગ્રસ્તોને થયેલી અસર અંગેનો કયાસ કાઢી જામનગર ખાતે કલેક્ટર કચેરીના સભાખંડમાં જામનગર જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ સમયમાં પ્રજાની પડખે ઉભા રહેવાનું દાયિત્વ નિભાવવા માર્ગદર્શીત કરતા મુખ્યમંત્રીશ્રીએ જામનગર જિલ્લામાં થઈ રહેલી કામગીરીની વિગતો આપતા કહ્યું કે જિલ્લામાં કુલ ૪,૭૬૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. ૧૪૪ લોકોને NDRF, SDRF તેમજ એરફોર્સ દ્વારા રેસ્ક્યુ કરી બચાવવામાં આવ્યા છે. ૪૬ ટીમો સર્વે માટે હાલ કાર્યરત છે. સૌરાષ્ટ્રમાં મોસમનો ૮૦% વરસાદ પડી ચુક્યો છે. જિલ્લાના ૮૪ ગામોમાં વીજ પુરવઠાને અસર થઈ હતી તાત્કાલિક કામગીરી હાથ ધરીને આજ સાંજ સુધીમાં ૧૦૦% ગામોમાં વીજળી મળે તે રીતે કામગીરી કરવા સૂચના આપી છે. મૃત પશુ નિકાલ અને સફાઈ માટે જરૂર પડ્યે બહારની ટીમ બોલાવવા સૂચના આપવામાં આવી છે તેમજ રસ્તાઓ ખુલ્લા કરવા કામગીરી થઈ રહી છે.

# પેટ્રોલિયમ ઉત્પાદનોને GST હેઠળ આવરી લેવા વિચારણા

## જીએસટી પર મંત્રીઓની એક પેનલમાં વિચારણા : જીએસટી સિસ્ટમમાં બદલવા માટે પેનલના ૭૫ ટકા સભ્યોનું એપ્રૂવલ જરૂરી, પેનલમાં રાજ્યો-ક્ષેત્રોના પ્રતિનિધિ

નવી દિલ્હી, તા.૧૪

પેટ્રોલ અને ડિઝલના ભાવમાંથી લોકોને રાહત આપવા માટે પેટ્રોલિયમ ઉત્પાદનોને જીએસટી હેઠળ આવરી લેવા માટે વિચારણા થઈ રહી છે. જાણકારી પ્રમાણે જીએસટી પર મંત્રીઓની એક પેનલ નેશનલ રેટના ભાગરૂપે પેટ્રોલિયમ ઉત્પાદનો પર પણ અન્ય પ્રોડક્ટ્સની જેમ જીએસટી લગાવવા માટે વિચારણા કરી રહી છે. હાલમાં પેટ્રોલ ડિઝલ જીએસટીમાંથી બાકાત છે. જોકે જીએસટી સિસ્ટમમાં બદલવા માટે પેનલના ૭૫ ટકા સભ્યોનુ એપ્રૂવલ જરૂરી બનશે. જેમાં તમામ રાજ્યો અને ક્ષેત્રોના પ્રતિનિધિ સામેલ છે. આમાંથી કેટલાક ફ્યુલને જીએસટીમાં સામેલ કરવાનો વિરોધ કર્યો છે. બીજી તરફ દેશભરમાં પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટર નજીક છે અને ડિઝલના ભાવ પણ ૯૦ થી ૯૫ રૂપિયે પ્રતિ લિટર છે. ૨૦-૨૧ના વર્ષમાં પેટ્રોલ અને ડિઝલ પરના સરકારના ટેક્સમાં ૮૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. આ રકમ ૩.૩૫ લાખ કરોડ રૂપિયા રહી છે. જોકે એક રિપોર્ટમાં કહેવાયુ છે કે, પેટ્રોલિયમ પ્રોડક્ટસને જીએસટી હેઠળ લાવવામાં આવશે તો કેન્દ્ર અને રાજ્યોની આવકમાં એક લાખ કરોડ રૂપિયાની કમી આવશે. બીજી તરફ જીએસટી હેઠળ પેટ્રોલિયમ પ્રોડક્ટસને લાવવામાં આવે તો પેટ્રોલનો ભાવ ૭૫ રૂપિયા અને ડિઝળનો ભાવ ૬૮ રૂપિયા થઈ શકે છે.

# હિમાચલના સીએમ બદલવા ક્વાયત, ઠાકુરને દિલ્હીનું તેડું

## ચૂંટણી પૂર્વે ભાજપમાં ભારે ફેરબદલનાં એંધાણ : રાજ્યમાં ચૂંટણી પહેલા નેતૃત્વમાં ફેરફાર કરવા પક્ષની વિચારણા, જયરામ ઠાકુર ભાજપના અધ્યક્ષ નડ્ડાને મળશે

સિમલા, તા.૧૪

ગુજરાતના સીએમ બદલવામાં આવ્યા બાદ હવે હિમાચલ પ્રદેશના સીએમ જયરામ ઠાકુરને દિલ્હીનુ તેડુ મોકલવામાં આવ્યુ છે. આજે જયરામ ઠાકુરને દિલ્હી બોલાવવામાં આવ્યા છે ત્યારે કોંગ્રેસે પ્રચાર પણ શરૂ કરી દીધો છે કે, ભાજપ દ્વારા જયરામ ઠાકુરને સીએમ પદેથી હટાવવામાં આવી રહ્યા છે. જયરામ ઠાકુર ભાજપના અધ્યક્ષ જે પી નડ્ડા સાથે મુલાકાત કરશે. આ મુલાકાત એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે, રાજ્યમાં પેટાચૂંટણી થવાની છે અને આગામી વર્ષે વિધાનસભાની ફરી ચૂંટણી યોજાશે. જયરામ ઠાકુરને પાંચ દિવસમાં બીજી વખત દિલ્હી બોલાવવામાં આવ્યા છે. ગુજરાત પ્રકરણ બાદ તરત જ હિમાચલ પ્રદેશના સીએમને ભાજપે દિલ્હી બોલાવતા અટકળોનુ બજાર ગરમ થઈ રહ્યુ છે. કારણકે જયરામ ઠાકુર હજી બુધવારે જ ભાજપના ટોચના નેતાઓને મળ્યા હતા. રાજ્યના મંત્રીઓના પરફોર્મન્સ પર પણ પાર્ટી નજર રાખી રહી છે. બીજી તરફ કોંગ્રેસનુ કહેવુ છે કે, ભાજપને લઈને રાજ્યમાં લોકોનો ભારે ગુસ્સો છે. ભાજપ સિમલામાં પણ રેલી કરી શકે તેવી સ્થિતિમાં નથી.



# અમરાવતીની વર્ધા નદીમાં નાવ પલટી જતાં ૧૧ ડૂબ્યા

## પરિવાર દશક્રીયા વિધિ માટે ગડેગાંવ આવ્યો હતો : વહીવટીતંત્ર દ્વારા ગોતાખોરોની મદદથી રેસ્ક્યુ ઓપરેશન જારી તેમજ એક જ પરિવારના લોકો નાવમાં સવાર હતા



અમરાવતી, તા.૧૪

મહારાષ્ટ્રના અમરાવતીમાં નાવ પલટવાના કારણે ભયંકર ઘટના ઘટી છે. કુલ ૧૧ લોકો ડૂબી ગયા હતા. જેમાંથી ત્રણના મૃતદેહ મળી આવ્યા છે. બાકી ૮ લોકો લાપતા છે. જેનો હજુ કોઈ પુરાવો નથી. ઘટના અમરાવતીમાં આવેલી વર્ધા નદીમાં થઈ. હાલ વહીવટીતંત્ર દ્વારા ગોતાખોરોની મદદથી રેસ્ક્યુ ઓપરેશન ચલાવાઈ રહ્યું છે. આ ઘટના સવારે લગભગ ૧૦ વાગે બની હતી. મળતી માહિતી અનુસાર આ તમામ લોકો એક જ પરિવારના છે. દશક્રીયા વિધિ માટે ગડેગાંવ આવ્યા હતા. ઘટનાની જાણ થયા

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાંથી પાક.ના બે આતંકી સહિત છ જબ્બે

## દિલ્હી પોલીસનું ઓપરેશન : વિસ્ફટકો અને અન્ય વસ્તુઓ જપ્ત કરાઈ



નવી દિલ્હી, તા.૧૪

દિલ્હી પોલીસના સ્પેસિયલ સેલે પાકના સંગઠિત આતંકી મોડ્યુલનો બાંડો ફોડી નાખ્યો છે. પોલીસની ટીમે પાકિસ્તાનમાં પ્રક્ષિત બે આતંકીઓની ધરપકડ પણ કરી છે. તેમની ધરપકડ થતાં મલ્ટી સ્ટેટ ઓપરેશનમાં વિસ્પોટકો અને અન્ય વસ્તુઓ જપ્ત કરાઈ છે. દિલ્હી પોલિસના સ્પેશિયલ સેલે પાકિસ્તાનના પ્રક્ષિત બે લોકો સહિત કુલ છ કોની ધરપકડ કરી છે. આ તમામની અટકાયત કરીને પૂછપરછ કરી રહી છે. ડીસીપી સ્પેશિયલ સેલ પ્રમોદ કુશવાહે જણાવ્યું કે વિશેષ ટીમે પાકિસ્તાનના સંગઠિત આતંકી મોડ્યુલનો ભાંડો ફોડી નાખ્યો, પાકિસ્તાનમાં પ્રક્ષિત બે આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે તેમની પાસેથી મોટી સંખ્યામાં વિસ્ફોટકો અને અન્ય વસ્તુઓ જપ્ત કરી છે. છ આતંકીને ઝડપી લેવાયા છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ઓપરેશન ચાલ્યું અને તેમને ઝડપી લેવામાં આવ્યા. તંકીઓમાંથી એકનું નામ મોહમ્મદ ઓસામા છએ જેને દિલ્હીનો રહેવાસી હોવાનું જડમાવાઈ રહ્યું છે.

# કાબુલમાં લોકોને ખર્ચ માટે ઘરવખરી વેચવાનો વારો આવ્યો

## અફઘાનિસ્તાનમાં તાલિબાના શાસનનો એક મહિનો : તાલિબાનના યોદ્ધાઓ દ્વારા અલગ-અલગ પાબંદીઓ લગાવાઈ રહી છે, એવામાં લોકો ઘરનો સામાન વેચે છે

કાબુલ, તા.૧૪

અફઘાનિસ્તાનમાં તાલિબાનનુ રાજ આવ્યે એક મહિનો થઈ ગયો છે પરંતુ જંગ એના પહેલાથી ચાલી રહી છે. છેલ્લા કેટલાક મહિનાથી અફઘાનિસ્તાનના અલગ-અલગ ભાગોમાં કામકાજ ઠપ થયુ છે, લોકોની પાસે કમાણીનુ સાધન નથી. એવામાં લોકોને ઘર ખર્ચ ચલાવવા માટે પોતાના ઘરનો સામાન વેચવો પડી રહ્યો છે. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક એવુ બજાર છે જ્યાં લોકો પોતાના ઘરનો સામાન લાવી રહ્યા છે. કોઈ પલંગ લાવી રહ્યુ છે, કોઈ ફર્નીચર તો કોઈ પોતાના રસોડાનો સામાન લાવી રહ્યુ છે. દરેક અહીં બજારમાં પોતાના આ સામાનને વેચી રહ્યા છે જેથી રૂપિયા મળી જાય અને ખાવાનુ અથવા અન્ય જરૂરી સામાનને ખરીદી શકાય. તાલિબાનનું રાજ આવ્યા બાદ અફઘાનિસ્તાનમાં લાંબા સમય સુધી કેશનુ પણ સંકટ રહ્યુ, લોકો કલાક સુધી એટીએમ અથવા



બેક્રની લાઈનમાં ઉભા હતા જેથી રૂપિયા નીકાળી શકાય. બજાર બંધ હતા એવામાં સામાન લાવવા અથવા વેચાણ માટે પણ ઘણી મુશ્કેલી પડી રહી હતી. હવે જ્યારે તાલિબાને પોતાની સરકાર બનાવી લીધી છે ત્યારે કેટલીક હદ સુધી કામકાજ શરૂ થયુ છે પરંતુ હજુ પણ ઘણી મુશ્કેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રિન્સ ફૈઝલ મોદી સાથે મુલાકાત કરે એવી શક્યતા

## સાઉદી અરબના વિદેશ મંત્રી ૧૯મીએ ભારત આવશે

રિયાધ, તા.૧૪

સાઉદી અરબના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સાઉદ આ અઠવાડિયે ભારત આવી શકે છે. વિદેશ મંત્રી તરીકે તેમની પહેલી ભારત યાત્રા હશે. બંને દેશો વચ્ચે અફઘાનિસ્તાન અને તાલિબાનના મુદ્દે વાતચીત થવી સંભવ છે. સાઉદી અરબે હાલ અફઘાન સ્થિતિ પર મૌન તોડ્યુ છે. તેમણે તાલિબાનની સાથે જોડવા માટે કોઈ જલ્દબાજી કરી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩ સપ્ટેમ્બરે ટેલિફોન પર ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે અફઘાનિસ્તાનની સ્થિતિ પર ચર્ચા કરી હતી. વિદેશ મંત્રી એસ જયશંકરે ૩૦ ઓગસ્ટે સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ રાજદ્વારી સલાહકાર ડૉ. અનવર ગર્ગશની મેજબાની કરી હતી. આ સંદર્ભમાં સાઉદી વિદેશ મંત્રીનો ૧૯ સપ્ટેમ્બરે ભારત આવવાનો કાર્યક્રમ છે.

**ભાડે / વેચાણ આપવાની છે**

ક્લાસીસ / ઓફીસ, શો-રૂમ લાયક જગ્યા ૧૫૩૦ ચો. ફૂટ.

પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

: સંપર્ક :

૯૮૨૪૦ ૬૫૦૫૬

# હજુ એક વર્ષ સુધી લોકોએ માસ્ક પહેરવું પડશે : ડો. પોલ

## ત્રીજી લહેરનો ખતરો છે તે જોતા કોવિડથી બચાવ માટેના ઉપાયોનું પાલન જરૂરી હોવાનો ડૉ. વીકે પોલનો અભિપ્રાય

નવી દિલ્હી, તા.૧૪

કોરોનાની બીજી લહેરનુ જોર તો ઓછુ થઈ ગયુ છે પણ ત્રીજી લહેરની આશંકા લોકોને ડરાવી રહી છે. છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલા કોરોના સંક્રમણથી દરેક ક્ષેત્ર પ્રભાવિત થયુ છે. હવે માસ્ક લોકોના જીવનનો જાણે અનિવાર્ય હિસ્સો બની ગયુ છે ત્યારે એ પણ સવાલ છે કે, ક્યાં સુધી માસ્ક પહેરીને ફરવુ પડશે. તેના જવાબમાં નીતિ આયોગના સ્વાસ્થ્ય ક્ષેત્રના સભ્ય ડો.વી.કે.પોલનુ કહેવુ છે કે, કોરોનાની ત્રીજી લહેરની શક્યતા છે ત્યારે લોકોએ ઓછામાં ઓછુ આગામી વર્ષ સુધી તો માસ્ક પહેરવુ જ પડશે. કોવિડની ગાઈડલાઈનનુ પાલન લોકોએ ચાલુ જ રાખવુ પડશે. તેમણે કહ્યુ હતુ કે, સંક્રમણથી સુરક્ષિત રહેવા માટે માસ્ક જરૂરી છે.જે રીતે કોરોનાના વેરિએન્ટ સામે આવી રહ્યા છે અને ત્રીજી લહેરનો ખતરો છે તે જોતા કોવિડથી બચાવ માટેના ઉપાયોનુ પાલન કરવુ જરૂરી છે. જે રીતે દુનિયાના બીજા દેશોમાં સ્થિતિ છે તે જોતા કોરોનાની ત્રીજી લહેરથી ઈનકાર થઈ શકે તેમ નથી. આગામી ત્રણ ચાર મહિના બહુ મહત્વના હશે. દેશમાં રસીકરણ ઝડપી બનાવાઈ રહ્યુ છે. જેથી લોકોમાં હર્ડ ઈમ્યુનિટી તૈયાર કરી શકાય. ડો.પોલે ચેતવણી આપતા કહ્યુ હતુ કે, હવે તહેવારોની સિઝન શરૂ થવા જઈ રહી છે ત્યારે આ દરમિયાન જો સ્હેજ પણ લાપરવાહી વરતી તો તે ભયાનક સાબિત થઈ શકે છે. તહેવારોના સમયમાં કોરોનાના ફેલાય તે માટે અગાઉથી સૂચનાઓ આપવી પણ જરૂરી છે. ઉપરાંત લોકોએ પણ તહેવારોની ઉજવણીના ઉત્સાહમાં કોરોનાને ભુલવો જોઈએ નહીં અને તમામ ગાઈડ લાઈનનુ પાલન કરવુ જોઈએ.

**તાત્કાલિક જોઈએ છે**

ઋષિવંશી સમાજ સેવા ફાઉન્ડેશન, ઋષિવંશી લાઈબ્રેરી તેમજ આસ્થા સેવા યજ્ઞની ઓફિસમાં ગ્રાફિક ડિઝાઇનીંગ, ગુજરાતી ટાઈપીંગ તેમજ કોરોસ્પોન્ડીંગ કરી શકે તેવા અનુભવી ગ્રેજ્યુએટ યુવાનની તાત્કાલીક જરૂર છે. આકર્ષક પગાર આપવામાં આવશે. તા.ક. ગાંધીનગરના રહેવાસીને પહેલી પસંદગી

અરજી મોકલવાનુ સરનામુ

ઋષિવંશી લાઇબ્રેરી

સેક્ટર-૮ રંગમંચની સામે, સેક્ટર-૮, ગાંધીનગર

સંપર્ક નંબર - ૭૦૧૬૦૫૧૦૧૭

ભગવાનદાસ વિઠ્ઠલાપરા

**જોઈએ છે શિક્ષકો**

વિદ્યાર્થી આશ્રમ ઉનાવા સંચાલિત શ્રીમતી એ.એન. પટેલ પ્રાથમિક શાળા ઉનાવા માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો નીચેના સરનામે દિન-૭માં અરજી કરવી.

પ્રમુખશ્રી / મંત્રીશ્રી

શ્રીમતી એ. એન. પટેલ પ્રાથમિક શાળા

ઉનાવા, ગાંધીનગર - ૩૮૨૬૫૦